ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Gujarat Council on Science and Technology, Government of Gujarat
DST Department of Science & Technology, Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 31th July, 2019

પ્રતિ,
તંત્રી શ્રી,
.............................................................,
ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જીલ્લામાં બાળ વૈજ્ઞાનિકોને તૈયાર કરવાના હેતુથી

## ૨૭ મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંતર્ગત યોજાશે શિક્ષક તાલીમ કાર્યશાળા.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર(GUJCOST) દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેક્નોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી સતત કાર્યરત છે.

ભારત દેશના પ્રત્યેક વિદ્યાર્થીઓમાં સંશોધન પ્રત્યે રૂચી કેળવાય તેવા હેતુથી છેલ્લા ૨૬ વર્ષથી કેન્દ્ર સરકારનાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા <u>'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ'</u>નું ચોક્કસ વિષયને કેન્દ્રસ્થાને રાખીને પ્રતિ વર્ષે ૧૦ થી ૧૭ વય જૂથના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું આયોજન કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ માટે 'સ્વચ્છ, હરિયાળું અને સ્વસ્થ રાષ્ટ્ર માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણ' મુખ્ય વિષય અને ૧. ઇકો સીસ્ટમ અને ઇકો સીસ્ટમ સેવા, ૨. આરોગ્ય, સ્વાસ્થ્ય શાસ્ત્ર અને સ્વચ્છતા, ૩. કચરામાંથી કંચન : વેસ્ટ ટુ વેલ્થ, ૪. સમાજ, સંસ્કૃતિ અને આજીવિકા, ૫. પરંપરાગત જ્ઞાન પ્રણાલી પેટા વિષયો આધારિત સંશોધન કાર્ય થનાર છે. આ સંશોધન કાર્યમાં જોડવા માટે સયુક્ત શિક્ષણ નિયામક શ્રી અને પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી ગુજરાત સરકાર દ્વારા વધુમાં વધુ શાળાઓના વિદ્યાર્થીઓને જોડવા જણાવ્યું છે.

આ રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું રાજ્ય કક્ષાનું સંકલન ગુજરાત રાજ્યમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. ભાવનગર જીલ્લામાં જીલ્લા કક્ષાનું સંકલન GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કરવામાં આવે છે.

આ <u>જીલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ કાર્યક્રમ અંતર્ગત લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા: 03 ઓગસ્ટ, ૨૦૧૯ ને શનિવારના રોજ સવારે ૮:00 થી ૪:30 સુધી લાઈફ સાયન્સ ડીપાર્ટમેન્ટ, ભાવનગરના યજમાન પદે શિક્ષક કાર્યશાળાનું આયોજન થનાર છે.</u> આ તાલીમમાં ભાવનગર જીલ્લાનાં શિક્ષકો વધુમાં વધુ શાળાઓના શિક્ષકો જોડાય તે માટે શિક્ષણાધિકારી શ્રી, પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી અને શાસનાધિકારી શ્રી દ્વારા શાળાઓને જાણ કરતા પરિપત્રો કરીને અનુરોધ કરવામાં આવેલ છે.

વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : 8866570111 પર સંપર્ક કરી શકાશે. આ કાર્યશાળામાં ભાગ લેનાર શિક્ષકોએ સવારે ૮:00 કલાક સુધીમાં ઉપરોક્ત સ્થળ પર હાજર થઇ જવાનું રહેશે.

31-7-19
5:30pm
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

D:/2019-20//All Letter and Press Note 2019-20 /Press of KRCSC FL 2019-20

follow us on YouTube KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar